મોડાસામાં સેક્સ વર્કર સમજી કારચાલકે મહિલાનો હાથ પકડતાં હોબાળો

લીઓ પોલીસ ચોકી પાસે સેક્સવર્કરોના કાયમી ધામા : પોલીસ મુક પ્રેક્ષક

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

મોડાસાની લીઓ પોલીસ ચોકી પાસે સેક્સ વર્કર મહિલાઓના કાયમી ધામાથી અન્ય મહિલાઓ હવે શરમજનક સ્થિતિમાં મૂકાઈ રહી છે. ગુરૂવારે સાંજે એક મહિલા વાહનની રાહ જોઈ ચોકી નજીક ઉભી હતી તે સમયે વાહન ચાલકે સેક્સ વર્કર સમજી મહિલાનો હાથ પકડી કારમાં બેસાડવાનો પ્રયાસ કરતાં હોબાળો મચી ગયો હતો. શિક્ષણનગરીમાં લીઓ પોલીસ ચોકી વિસ્તાર રેડલાઈટ એરીયામાં ફેરવાઈ ગયો હોય તેમ સવાર થી સાંજ સુધી સેક્સ વર્કર મહિલાઓના અડીંગા છતાં પોલીસ મુક પ્રેક્ષક બની તમાશો જોતી હોવાથી સભ્ય પરિવારની મહિલાઓ અહીંથી પસાર થવામાં પણ સંકોચમાં મૂકાય છે.

જિલ્લાના પાટનગર મોડાસામાં ટાઉન પોલીસની નિષ્ક્રિયતાથી અસામાજીક પ્રવૃત્તિઓએ માજા મૂકી છે. ચોક્કસ ગેસ્ટહાઉસ કુટણખાનામાં ફેરવાયાં છે છતાં પોલીસ ખિસ્સાં ભરવામાં મસ્ત બની છે. મોડાસાના હાર્દ સમા લીઓ પોલીસ ચોકી વિસ્તારમાં નવું બસ પોર્ટ આકાર લઈ રહ્યું છે જેથી એસ.ટી. બસોને લીઓ પોલીસ ચોકી પાસે ફરજીયાત થોભવાના આદેશ અપાયા છે જેથી નોકરી તેમજ અન્ય ધંધાના સ્થળે જવા માટે મહિલાઓ લીઓ પોલીસ ચોકી પાસે વાહનની રાહ જોતી હોય છે પરંતુ આ વિસ્તારમાં સેક્સ વર્કરોએ કાયમી અડીંગા જમાવી દીધા છે જેના કારણે અન્ય મહિલાઓની સુરક્ષા જોખમાય તેવી સ્થિતિ હવે પેદા થઈ છે. ગત રોજ એક મહિલા વાહનની રાહ જોઈને ઉભી હતી જે સમયે એક વાહન ચાલક સેક્સ વર્કર મહિલાઓના ચેનચાળા વચ્ચે મહિલા મુસાફરને સેક્સ વર્કર સમજીને અડપલું કરતાં સમગ્ર વિસ્તારમાં હોબાળા જેવી સ્થિતિ ઉભી થઈ હતી. મામલો લીઓ પોલીસ ચોકી સુધી પહોંચ્યો હતો પરંતુ અંદર શું રંધાયું તેની કોઈને સમજ પડી નહીં પરંતુ હોબાળા બાદ ગણતરીની મીનીટોમાં મામલો થાળે પડી જતાં સ્થાનિક વેપારીઓએ આશ્ચર્ય અનુભવ્યું છે. લીઓ પોલીસ ચોકી પાસે સેક્સ વર્કરો એકત્ર થઈ ગ્રાહકો માટે અંદરોઅંદર રોજ બાખડી તમાશો કરે છે છતાં પોલીસ આંખે પાટા બાંધ્યા હોય તેમ જોતી હોય છે જેના કારણે હવે દેહ વેપારની બદીના કારણે અન્ય મહિલાઓ છેડતીનો ભોગ બનવા લાગતાં પોલીસ સામે રોષ ભભૂક્યો છે.

પોલીસ ચોકી સામે ગેસ્ટહાઉસોમાં દેહનો વેપાર

બાયડ : મોડાસાની લીઓ પોલીસ ચોકી પાસે સેક્સ વર્કર મહિલાઓએ હદ વટાવતાં હવે સભ્ય પરિવારની મહિલાઓ છેડતીનો ભોગ બનવા લાગી છે. પોલીસ ચોકી સામે ચોક્કસ ગેસ્ટહાઉસોમાં દેહનો વેપાર ધમધમી રહ્યો છે ત્યાં પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં સરી પડી છે. ચોકી આગળથી ગ્રાહકો લઈને મહિલાઓ નિયત ગેસ્ટહાઉસમાં જાય છે જે પોલીસ જોતી હોવા છતાં કોઈ પગલાં ભરવામાં આવતાં ન હોવાથી ટાઉન પોલીસના દેહના વેપારને છૂપા આશીર્વાદ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

બાયડ-મોડાસા એસ.ટી. ડેપોના ઉપહારગૃહને ખંભાતી તાળાં

ચા-નાસ્તા માટે ડેપો બહાર દોડતા મુસાફરો

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ અને મોડાસા એસ.ટી. ડેપોમાં ઉપહાર ગૃહોને ઘણા લાંબા સમયથી ખંભાતી તાળાં વાગી જતાં ચા-નાસ્તા માટે મુસાફરો ડેપોની બહાર દોડી રહ્યા છે. બંન્ને બસ ડેપોમાં ફેરીયાઓ ઉપર પણ પાબંધી હોવાથી દૂરના મુસાફરોએ ચા-નાસ્તો કરવો હોય તો હાલાકી પડતી હોય છે. મુસાફરોની સગવડનો કોઈપણ કારણોસર નજર અંદાજ કરવામાં આવી છે. એસ.ટી. નિગમ દ્વારા ઉંચુ ભાડું વસુલવામાં આવતું હોવાથી ઉપહાર ગૃહ ચલાવવા માટે કોઈ તૈયાર ન હોવાની વિગતો ચર્ચાય છે. ત્યારે મુસાફરોની સગવડને ધ્યાનમાં રાખી એસ.ટી. નિગમના જવાબદારો ભાડાના દરમાં ઘટાડો કરી મુસાફરોને બસ મથકમાં જ એસ.ટી.ના ઉપહાર ગૃહની સગવડ અપાવે તેવું અનેક લોકો બોલી રહ્યા છે.

એસ.ટી. નિગમ દ્વારા માત્ર પોતાની કમાણી ઉપર ધ્યાન રાખવામાં આવતું હોય છે. વર્ષોથી ખોટના ખાડામાં ધકેલાયેલા નિગમે હવે આવક વધારવામાં કોઈ કસર બાકી રાખી નથી પરંતુ મુસાફરોની સગવડ ઉપર કાપ જરૂર મૂકાયો છે. બાયડ અને મોડાસા એસ.ટી. ડેપોમાં એસ.ટી.ના અસંખ્ય રૂટનું સંચાલન થતું હોવાથી રોજ મુસાફરોની અવર જવર સવાર થી સાંજ સુધી રહેતી હોય છે. દૂરના મુસાફરોએ બસ સ્ટોપ ઉપર એસ.ટી. બસ થોભે ત્યારે ચા-નાસ્તો કરવો હોય તો બંન્ને ડેપોમાં ઉપહાર ગૃહ માટે જગ્યા ફાળવવામાં આવી છે પરંતુ ઘણા સમયથી એસ.ટી.ના ઉપહાર ગૃહ બંધ રહેતાં મુસાફરોને હાલાકી પડી રહી છે. બાયડ એસ.ટી. ડેપોનું લાખોના ખર્ચે નવીનીકરણ થયા પછી ઉપહાર ગૃહ માંડ શરૂ થયો હતો પરંતુ ઉપહાર ગૃહના કર્મચારી સામે દુષ્કર્મની ફરિયાદ બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાયા પછી તાળાં વાગી ગયાં છે. થોડાક સમય માટે અન્ય વ્યક્તિએ ઉપહાર ગૃહ ભાડા પેટે ચલાવવા માટે રાખ્યું હતું પરંતુ હવે તેને પણ ઘણા સમયથી ધંધો સમેટી લીધો છે જેથી બાયડના નવા બસ ડેપોમાં ઉપહાર ગૃહની સગવડ ઉપર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે તે જ રીતે મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં પણ ઉપહાર ગૃહને તાળાં વાગ્યાં છે. એસ.ટી. નિગમ દ્વારા સંચાલકો પાસેથી ડિપોઝીટ લઈ ઉંચુ ભાડુ વસુલવામાં આવતું હોવાના કારણે ઉપાહાર ગૃહની સુવિધા બંધ થયાના આક્ષેપો થઈ રહ્યા છે. બંન્ને બસ મથકો કમાણીની દ્રષ્ટીએ નિગમ માટે ફાયદારૂપ છે છતાં એસ.ટી. ડેપોમાં ઉપાહાર ગૃહની વ્યવસ્થા મુદ્દે નિગમ ચૂપ બની ગયું છે. મુસાફરોને સગવડ આપવી હોય તો તંત્ર દ્વારા ભાડાના દરમાં ઘટાડો કરી ઉપહાર ગૃહ શરૂ કરવામાં આવે તો મુસાફરોને તેનો મહત્તમ ફાયદો થવાની સાથે એસ.ટી. ડેપોને પણ તેનો લાભ થઈ શકે છે.

ઉપહાર ગૃહનાં ઉંચાં ભાડાં પોષાતાં ન હોવાથી તાળાં વાગ્યાની ચર્ચા

બાયડ : બાયડ-મોડાસા એસ.ટી. ડેપોમાં મુસાફરોની સગવડ ખાતર ઉભા કરવામાં આવેલા ઉપહાર ગૃહોનાં ઉંચાં ભાડાંના કારણે તાળાં વાગી ગયાની ચર્ચાઓ છે. ટેન્ડર ભર્યા પછી સંચાલકોને વધુ ભાડુ, કર્મચારીઓનો પગાર તેમજ લાઈટબીલ સહિતનો ખર્ચો પોષાતો ન હોવાથી ન છૂટકે ઉપહાર ગૃહ બંધ કરવાની નોબત આવી છે.

પેઢમાલા યુવા સંગઠન દ્વારા માતાપિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીનું કન્યાદાન કરાયું

ગાંભોઈ, તા.૨૬

પેઢમાલા યુવા સંગઠન દ્વારા મજૂરી કામ કરી જીવન ગુજારતા એક ગરીબ પરિવારની માતાપિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીના લગ્નપ્રસંગે કન્યાદાન કરી સમાજમાં પ્રેરણાદાયી કાર્ય કર્યુ હતું.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મનોરપુર ગામની પરમાર સમાજની દીકરી દિવ્યાબેન પરમારના પિતા મુકેશસિંહ ધુરસિંહ પરમાર અને માતા પિન્ટુબેન મુકેશસિંહ પરમારનું નાનાપણની વયે અવસાન થતાં તેમના કુટુંબીજનો સાથે રહી ઉછેર થયો હતો. નાની મોટી મજૂરી કામ કરી જીવન ગુજરાન ચલાવતા હતા. તાજેતરમાં યોજાયેલ લગ્ન પ્રસંગે આ પરિવારને આર્થિક રીતે હુંફ આપવા માનવ સેવા કરતા અને સેવાના કાર્યમાં હંમેશા અગ્રેસર રહેતા પેઢમાલા યુવા સંગઠનના સભ્યો દ્વારા માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીના લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહી કન્યાદાન કરી એક પિતાતુલ્ય ફરજ બજાવી માનવતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોઈપણ જ્ઞાતિ હોય ભેદભાવ રાખ્યા વગર ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સમાજના આર્થિક રીતે નબળા પરિવારોની હરહંમેશ સેવાકાર્ય કરતા પેઢમાલા યુવા સંગઠનની ભાવના અને કર્તવ્યને લગ્ન પ્રસંગમાં ઉપસ્થિત સામાજિક આગેવાનો અને સ્થાનિક ગ્રામજનોએ બિરદાવ્યું હતું. આ અગાઉ પણ રામપુર ગામની દલિત પરીવારની પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીનું કન્યાદાન કરી યુવા સંગઠનએ સમરસતાની ભાવના ઉજાગર કરી હતી.

પાટીદાર સેવા સમિતિ દ્વારા રાશનકીટ અર્પણ કરાઈ...

રાયગઢ, તા.૨૬

સાબરકાંઠા- અરવલ્લી જિલ્લામાં જરૂરિયાતમંદ નિરાધાર વ્યક્તિઓને વિનામૂલ્યે જીવનનિર્વાહ માટે ખાદ્ય સામગ્રીનું રાશનકીટનું વિતરણ કરતી માનવ સેવા સંસ્થા પાટીદાર સેવા સમિતિ હિંમતનગર દ્વારા બુધવારના રોજ હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામે વિધવા રમીલાબેન રસિકલાલ વ્યાસને એક વર્ષ ચાલે તેટલુ કરિયાણાની રાશનકીટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ ડી.પટેલ, સેવાવ્રતધારી શાંતિભાઈ આર.પોકાર, વિઠ્ઠલભાઈ એચ.રુષાત, ભાણજીભાઈ ડી.છાભૈયા, ચંદુભાઈ જી.પોકાર, રામજીભાઈ ડી.દિવાણી, સંસ્થાના સહમંત્રી ચુનીભાઈ આર.સેંધાણી તેમજ રૂપાલકંપાના સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં મહાકાળી માતાના વાર્ષિક ઉત્સવની ઉજવણી

ડીસા પાટણ ચાર રસ્તા પાસે આવેલ પૂરગ્રસ્ત કોલોનીના હંસાબેન લોધા દ્વારા મહાકાળી માતાજીની વાર્ષિક ઉત્સવની મહા સુદ ૧૪ ના રોજ ઉજવણી ભક્તો દ્વારા કરવામાં આવી હતી જેમાં શહેરની જનતાએ માતાજીના દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

બરવાવ - ચૌધરી સમાજનું ગૌરવ

નેત્રામલી, તા. ૨૬

ઈડર તાલુકાના બરવાવ ગામના ચૌધરી જનકકુમાર દિનેશભાઈ એ આણંદ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી ખાતે એગ્રિકલ્ચરલ એન્ટોમોલોજી (કીટકશાસ્ત્ર) પી.એચ.ડી ની પદવી હાંસલ કરવા બદલ ચૌધરી સમાજ તથા ગ્રામજનો એ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે.

તમારી આંખોને વિશ્વાસ નહીં થાય...

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માલપુરમાં ભાજપના ઉમેદવારોના પ્રચારમાં...!!!

મોદીના હમશકલે મતદારોમાં આકર્ષણ ઉભું કર્યું

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હમશકલ ધરાવતા કર્ણાટકના સદાનંદ નાયક માલપુર તાલુકામાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા પ્રચાર અર્થે લાવીને લોકોમાં અને મતદારોમાં આકર્ષણ ઉભું કર્યું છે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે માલપુર તાલુકાના વાવડી સીટ પર ભાજપના ઉમેદવાર મહેશ પટેલના સમર્થનમાં બાઈક અને પગપાળા રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હમશકલે મતદારોમાં અનોખું આકર્ષણ ઉભું કર્યું હતું ગ્રામ્ય વિસ્તારના લોકોએ નરેન્દ્ર મોદીના હમશકલ સાથે ફોટા પડાવવા અને સેલ્ફી લેવા પડાપડી કરી હતી માલપુર તાલુકામાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના ઉમેદવારોના પ્રચાર-પ્રસારમાં જોતરાયા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને અરવલ્લી જિલ્લામાં ભારે ગરમાવો છે. ત્યારે વિવિધ પક્ષો અવાનવા નુસખાઓ ચૂંટણી પ્રચાર અર્થે અપનાવે છે ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એક અનોખો નુસખો અપનાવામાં આવ્યો છે. જેમાં અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા ના ભાજપ કાર્યકરો દ્વારા પ્રધાનમંત્રીની આબેહૂબ શકલ ધરાવતા કર્ણાટકના એક વ્યક્તિ કેજેમનું નામ સદાનંદ નાયક છે. જે માલપુર તાલુકાના ૧૦ થી ૧૫ ગામડાઓ માં જઈને ચૂંટણી પ્રચાર અર્થે રેલીઓ તેમજ સભાઓમાં જોડાયા હતા...જેમને જોઈને લોકો માં નરેન્દ્ર મોદીના હમશકલ ને જોઈને આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે. નરેન્દ્ર મોદી ના હમશકલ ને જોઈને મતદારો માં ભારે ઉત્સાહ વ્યાપ્યો છે.

મોદી ના હમશકલ સદાનંદ નાયક જેતે ગામડા માં પ્રચાર અર્થે જાય છે ત્યાં લોકોના ટોળેટોળા ઉમટે છે..વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આબેહૂબ હમશકલ ની સાથે સાથે તેમની અલગ અલગ સ્ટાઈલો સાથે સદાનંદ નાયક લોકોમાં અને મતદારોમાં મોદી ના નામ થી ઓળખવા લાગ્યા છે માલપુર તાલુકામાં મતદારોને આકર્ષવા માટેનો એક અનોખો પ્રયાસ માલપુર તાલુકાના ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો અને નરેન્દ્ર મોદીના હમસકલ કર્ણાટકના રહીશ સદાનંદ નાયકે ભાજપ ની જીત નો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નરેન્દ્ર મોદીની હમ સકલ ધરાવતા સદાનંદ નાયકે અરવલ્લીના માલપુરમાં પ્રચાર અર્થે આવીને ખૂબ ખુશી વ્યક્ત કરી હતી.

પ્રાંતિજ પોલીસે ગળતેશ્વર સાબરમતી નદી પાસેથી ચાર લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના ગળતેશ્વર પાસે આવેલ સાબરમતી નદી પાસેથી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દેશીદારૂ સાથે પ્રાંતિજ ના યુક્ત ને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના ગળતેશ્વર ગામ બાજુ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન ગળતેશ્વર ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતી કે ગળતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદી પાસે ખુલ્લી જગ્યામા એક ઈસમ દ્વારા દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા ગળતેશ્વર ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં પ્રાંતિજ ખાતે રહેતા કિશન કુમાર રાજુભાઈ રાવળ ઉ.વર્ષ- ૨૬ રહે. નાની ભાગોળ , પ્રાંતિજ , તા.પ્રાંતિજ જી .સાબરકાંઠા દ્વારા પોતે સાબરમતી નદી ની ખુલ્લી જગ્યાએ કિશન કુમાર રાજુભાઈ રાવળ નીચે બેસીને દેશી દારૂ નું વેચાણ કરતા હોય તેમણી પાસે થી પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા -૮૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાંતિજના યુવકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી

જન્મદિને વધામણી

ચેષ્ટા સતિષકુમાર પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા
મો.૮૧૪૦૩૫૫૪૬૬

ઝોયલ નિકુલકુમાર દેસાઈ
આટાના મુવાડા, તા.કપડવંજ